# સામાજિક વિજ્ઞાન

ધોરણ : 8 ( Semester 2 )

Chapter 9: આપણી અર્થવ્યવસ્થા

**પ્રશ્ન 1 : નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે આપેલા ચોરસ લખો :** [10 Mark]

1 નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃત્તિ પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિ છે ?

[A] યંત્ર ઉદ્યોગો [B] માર્ગ પરિવહન

[C] કૃષિ [D] આરોગ્ય

2 નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃત્તિ સેવાક્ષેત્રની પ્રવૃત્તિ છે ?

[A] અણુશસ્ત્રોનું ઉત્પાદન [B] બૅન્કિંગ કામગીરી

[C] મત્સ્યોદ્યોગ [D] પશુપાલન

3 નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃત્તિ દ્વિતીય ક્ષેત્રની પ્રવૃત્તિ છે ?

[A] સંરક્ષણસામગ્રી [B] પ્રવાસ અને મનોરંજન

[C] ખાણક્ષેત્ર [D] વનક્ષેત્ર

4 કયા વર્ષની ઔદ્યોગિક નીતિથી ભારત સરકારે આર્થિક નીતિઓમાં ફેરફાર કર્યા ?

[A] ઈ.સ. 1985ની [B] ઈ.સ. 1988ની

[C] ઈ.સ. 1991ની [D] ઈ.સ. 1998ની

5 ઈ.સ. 1991ની ઔદ્યોગિક નીતિ દ્વારા કરાયેલ સુધારામાં કઈ એક બાબત નહોતી ?

[A]ખાનગીકરણ [B] વૈશ્વિકીકરણ

[C] ઉદારીકરણ [D] રાષ્ટ્રીયકરણ

6 ભારત સરકારે ઈ.સ.1991માં કઈ ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકી ?

[A] આર્થિક ઉદારીકર [B] રાષ્ટ્રીયકરણની

[C] ખાનગીકરણની [D] વૈશ્વિકીકરણની

7 વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?

[A] ઈ.સ. 1992માં [B] ઈ.સ. 1998માં

[C] ઈ.સ. 1991માં [D] ઈ.સ. 1995માં

8 જાહેર ક્ષેત્ર અથવા સરકારની માલિકીનાં સાહસો ખાનગી માલિકોને સોંપવાની પ્રક્રિયા એટલે શું ?

[A] ખાનગીકરણ [B] વૈશ્વિકીકરણ

[C] ઉદારીકરણ [D] વિકેન્દ્રીકરણ

9 મહેશાણાની દૂધસાગર ડેરી કયા પ્રકારના ક્ષેત્રનો ઉદ્યોગ છે ?

[A] સંયુક્ત ક્ષેત્રનો [B] ખાનગીક્ષેત્રનો

[C] જાહેર ક્ષેત્રનો [D] સહકારી ક્ષેત્રનો

10 ઑઈલ ઍન્ડ નેચરલ ગેસ કમિશન (ONGC) કયા પ્રકારના ક્ષેત્રનો ઉદ્યોગ છે ?

[A] ખાનગીક્ષેત્રનો [B] સંયુક્ત ક્ષેત્રનો

[C] જાહેર ક્ષેત્રનો [D] સહકારી ક્ષેત્રનો

bharatlimbdi@gmail.com

**પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો :** **[ 5 Mark ]**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' | |
|---|---|---|
| ( 1 ) સિંચાઈ વગરની જમીન | ( A ) ખેતી આધારિત મિલોની સ્થાપના | ☐ |
| ( 2 ) પાકોનું ઓછું વળતર | ( B ) સહકારી ખરીદ-વેચાણ સમિતિ | ☐ |
| ( 3 ) દેવાનો ભાર | ( C ) સરકાર દ્વારા ખાદ્યાન્નોની ખરીદી | ☐ |
| ( 4 ) મંદીના સમયમાં રોજગારનો અભાવ | ( D ) સરકાર દ્વારા નહેરોનું નિર્માણ | ☐ |
| ( 5 ) કાપણી પછી સ્થાનિક ખેડુતોને પોતાનું અનાજ વેચવાની સમસ્યા | ( E ) બૅન્કો દ્વારા ઓછા વ્યાજે લોન આપનાની સગવડ કરવી | ☐ |

**પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 5 Mark ]**

1 પ્રવાસ અને મનોરંજન ની કામગીરીનો સમાવેશ .............................. ક્ષેત્રમાં થાય છે.

2 ઘણીવાર .................................. ને કારણે લઘુ ઉદ્યોગોને નુકશાન થાય છે.

3 ............................ સાહસ ખાનગીકરણની પ્રક્રિયાનો એક ભાગ છે.

4 પ્રાથમિક પેદાશો પર પ્રક્રિયા કરીને તેમને ઉપયોગમાં લઈ શકાય તેવી પ્રવૃત્તિ ............................ ક્ષેત્રની પ્રવૃત્તિ કહેવાય છે.

5 જે ક્ષેત્રની પેદાશો ખોરાક અને ઔદ્યોગિક ઉત્પાદન માટે કાચો માલ પૂરો પાડે છે તે .............................. ક્ષેત્રની પ્રવૃત્તિ કહેવાય છે.

**પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[ 5 Mark ]**

1 આપણે કેટલીક કુદરતી પેદાશોને તેમના મૂળ સ્વરૂપમાં જ વાપરીએ છીએ. ☐

2 શેરડીમાંથી ગોળ બનાવવાની પ્રવૃત્તિ પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિ છે. ☐

3 હવાઈ અને દરિયાઈ માર્ગોની સેવાઓ દ્વિતીય ક્ષેત્રની પ્રવૃત્તિ છે. ☐

4 ખનીજો જમીનની સપાટી પરથી મેળવવામાં આવે છે. ☐

5 ટૉરન્ટ કંપની ખાનગી ક્ષેત્રનો ઉદ્યોગ છે. ☐

bharatlimbdi@gmail.com